# નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

## વર્ષ ૨૦૨૫-૨૬ માટે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક ભરતી પરીક્ષાની પૂર્વતૈયારી માટે તાલીમ સહાય આપવાની યોજના માટે ઓનલાઈન અરજી કરવા માટેની જાહેરાત

---

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની તમામ સ્પર્ધાત્મક ભરતી પરીક્ષાની પૂર્વ તૈયારી માટે તાલીમ સહાય આપવાની યોજના અમલમાં છે.

વર્ષ ૨૦૨૫-૨૬ માટે સ્પર્ધાત્મક ભરતી પરીક્ષાની પૂર્વતૈયારી માટે તાલીમ સહાય મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓને **esamajkalyan.gujarat.gov.in** પોર્ટલ પર તા.૧૯/૦૫/૨૦૨૫ થી તા.૧૯/૦૭/૨૦૨૫ સુધી આનુષાંગિક પ્રમાણપત્રો સહ ઓનલાઈન અરજી કરવા જણાવવામાં આવે છે. **પોર્ટલ પર અરજી કર્યા બાદ સંબંધિત જિલ્લાના નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની મંજુરી મળ્યા બાદ તાલીમ સહાય મેળવવા માટે પોર્ટલ પર પુન: અરજી કરવાની રહેશે અને તાલીમ પૂર્ણ થયા બાદ "તાલીમ સંતોષકારક પૂર્ણ કર્યાનું સંસ્થાનું પ્રમાણપત્ર" અને "ફી ભર્યાની પહોંચ" અપલોડ કરવાની રહેશે તેમજ તાલીમી સંસ્થામાંથી બાયોમેટ્રિક (ફિંગરપ્રિંટ) હાજરી મેળવીને સંબંધિત જિલ્લા કચેરી ખાતે હાર્ડ કોપીમાં જમા કરાવવાની રહેશે.** જે બાદ જ ઉક્ત પોર્ટલ પર નિયત સમયમર્યાદામાં આવેલ અરજીઓની રાજ્ય કક્ષાએથી નિયમોનુસાર યાદી બન્યા બાદ પાત્રતા ધરાવતા લાભાર્થીઓને જ નિયમોનુસાર તાલીમ સહાય ચૂકવવામાં આવશે.

**તાલીમી સંસ્થામાં બાયોમેટ્રિક હાજરી (ફિંગરપ્રિંટ) મશીન હોવું ફરજિયાત છે તેમજ તાલીમ વર્ગ શરૂ કરતા પહેલા જિલ્લા અધિકારીશ્રીની મંજુરી મેળવવી ફરજિયાત છે. જેની ખાસ નોંધ લેવી.**

વિદ્યાર્થીના પાત્રતાના ધોરણો તથા સંસ્થાની પાત્રતાના ધોરણો ઉક્ત પોર્ટલ પર આપવામાં આવેલ છે. જેને ધ્યાને લીધા બાદ વિદ્યાર્થીએ ઓનલાઈન અરજી કરવાની રહેશે.

સ્થળ : ગાંધીનગર
તા. / / ૨૦૨૫

નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર